# ખંભાત નગરપાલિકા – ખંભાત

## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૭૧

## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાની માલીકીનું ગોપાલ ટોકીઝથી પાણીયારી જતા રણજીતરાય શાસ્ત્રી ભવન બ્લોક નંબર. ૪ તથ ૫ ની ફર્સ્ટ ફ્લોરની દુકાન નંબર. ૪ થી ૧૪ ની જાહેર હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૩૬ તારીખ.૦૧–૦૬–૨૦૧૯ શરતો નકકી કરી તેની સુ.જા.નં. ૧૨૪૦ તારીખ.૦૮–૦૭–૨૦૧૯ થી દૈનિક પેપર "નયા પડકાર" માં જાહેર ખબરથી જાહેરાત આપેલ તથા તારીખ. ૧૦–૦૭–૨૦૧૯ તથા તારીખ.૧૧–૦૭–૨૦૧૯ના રોજ સવારના ૯–૦૦ થી સાંજના ૬–૦૦ કલાક સુધી લાઉડ સ્પિકરથી સમગ્ર ખંભાત શહેરમાં હરાજીની જાહેરાત બાબતે પ્રસિધ્ધ કરેલ જેની જાહેર હરાજી તારીખ.૧૨–૦૭–૨૦૧૯ને શુક્રવારે ખંભાત નગર સેવા સદનમાં સાંજે ૬–૦૦ કલાકે હરાજી રાખવામાં આવેલ જેમાં નીચે જણાવેલ અરજદારો એ હરાજીની પ્રિમિયમની સૌથી વધુ બોલી બોલેલ છે અને તેઓની બોલી મંજુર કરવામાં આવે છે અને કોલમ નંબર. ૩ માં જણાવેલ દુકાન ફાળવવા મંજુર કરવામાં આવે છે.

| અ.નં. | નામ | દુકાન નંબર | પ્રિમિયમની રકમ લાખમાં |
|---|---|---|---|
| ૧ | ધર્મેશભાઈ ભાવીનભાઈ ખલાસી | ૯ | ૩,૬૦,૦૦૦/– |
| ૨ | ચંદ્રશેખર અમૃતભાઈ પટેલ | ૧૨ | ૩,૫૦,૦૦૦/– |

હરાજીની શરત મુજબ નાણાં જમા કરાવેથી દુકાનનો કબજો સોપેવો અને જે – અરજદારો ને જગ્યા ફાળવેલ નથી તેઓની હરાજી અંગે ભરેલી ડીપોઝીટની રકમ પરત આપવા ઠરાવવામાં આવે છે. આગળની કાર્યવાહી કરવા ચીફ ઓફીસરને સત્તા આપવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. મુકેશભાઈ શંકરભાઈ ભીલ
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૪૭૨
## તારીખ.૧૨–૦૭–૨૦૧૯

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાની માલીકીની સીટી સર્વે નંબર. ૩/૩૨૪૬ પૈકી ત્રિકોણીયા તરીકે ઓળખાતી જગ્યા અત્રેની કચેરીએ સુ.જા.નંબર. ૪૪૯૪ તારીખ. ૩૦–૦૧–૧૯૯૩ થી વેચાણ આપવા સરકારશ્રી દરખાસ્ત કરેલ તે મંજુર થતાં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : નપલ/૪૫૯૩/એમ.એલ.એ/૧૨/મ/સચીવાલય,ગાંધીનગરના તારીખ.૧૫–૦૯–૧૯૯૩ ના ઠરાવથી ઉપરોકત જણાવેલ સીટી સર્વે નંબર.૩/૩૨૪૬ પૈકીની જમીન માદળા તળાવની જગ્યા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ–૬૫ (૨) અન્વયે વાણિજય હેતુ ફેર થઈ જવાથી તે હુકમની સાથે મંજુર કરેલ નકશા મુજબ વર્તમાન ત્રિકોણીયા તરીકે ઓળખાતી જગ્યા "શ્રી રણજીતરાય શાસ્ત્રી કોમ્પ્લેક્ષ"ની ગ્રાઉન્ડ ફલોર દુકાન નંબર. ૦૧ થી ૧૧ તથા ફર્સ્ટ ફલોર દુકાન નંબર. ૧૨ થી ૨૧ દુકાનોની જાહેર હરાજીથી આપવા અંગે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૭ તારીખ.૧૬–૦૯–૨૦૧૬નો વંચાણે લઈ એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૪૩ તારીખ.૦૧–૦૯–૨૦૧૭ થી શરતો નકકી કરી તેની સુ.જા.નં.૧૬૫૭ તારીખ.૧૪–૦૯–૨૦૧૭ થી જાહેર નિવિદા દૈનીક પેપર "નયા પડકાર" તથા સ્થાનિક સાપ્તાહીક પેપર "માતૃભૂમિ" આમ દૈનીક અને સાપ્તાહીકમાં જાહેર ખબરથી જાહેરાત આપેલ ત્યાર બાદ તારીખ.૧૭–૯–૨૦૧૭ અને તારીખ.૧૮–૦૯–૨૦૧૭ના બપોરના ૩–૦૦ કલાક સુધી લાઉડ સ્પિકરથી સમગ્ર શહેરમાં હરાજીની જાહેરાત બાબતે પ્રસિધ્ધી કરેલ અને સદર જેની હરાજી છે તે કોમ્લેક્ષ ઉપર ૧૦ ફુટ × ૮ ફુટનું જાહેર – હરાજી અંગેનું બેનર પણ તારીખ.૧૪–૦૯–૨૦૧૭ થી જાહેર જનતા જોગ પ્રસિધ્ધી અર્થે લગાવવામાં આવેલ તેમજ જાહેર સ્થળો ઉપર પણ પ્રસિધ્ધી કરેલ આમ તારીખ.૧૮–૦૯–૨૦૧૭ હરાજી કરતાં પહેલા સાંજના ૪–૩૦ કલાક સુધીમાં ૩૭ વ્યકિતઓ એ રૂપીયા. ૫૦,૦૦૦/–અંકે રૂપીયા પચાસ હજાર પુરા રોકડા/ચેક થી ખંભાત નગરપાલિકા ઓફીસમાં જમા કરાવેલ આમ નિયત સમયમાં હરાજીની કામગીરી શરૂ કરવામાં આવેલ તે દરમ્યાન ડીપોઝીટ ભરનાર અને હરાજીમાં ભાગ લેનારા વ્યકિતઓની હાજર રહયા બદલની સહીઓ મેળવવામાં આવેલ અને હરાજીની શરતો તેની નકલ અને સ્થળ સ્થિતિનો નકશો તમામ ને આપવામાં આવેલ ત્યાર બાદ દુકાન નંબર. ૦૧ ની હરાજીની બોલી શરૂ કરવામાં આવેલ જેનું અંદાજે ક્ષેત્રફળ ૧૩૦.૦૦ ચોરસ ફુટ જેટલું છે તેની હરાજી ની બોલી બોલતાં પ્રવિણ–ભાઈ છોટાલાલ પટેલ ના ઓ એ રૂપીયા. ૨૧,૦૦,૦૦૦/–અંકે રૂપીયા એકવીસ લાખની બોલી બોલેલ આ હરાજીની બોલીની કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન શહેરી વિકાસ અન